નંબર : ૧૦

માર્ચ '૭૧

# તાંત્રિક બુલેટીન

ખેતી નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

## ફળઝાડ ધિરાણના ઉપયોગનો અભ્યાસ

## ફળ વિકાસ યોજનાઓમાં અપાયેલ ધિરાણનો ઉપયોગ તથા તેના હપ્તા ભરવા બાબત અભ્યાસ.

Dhananjayarao Gadgil Library
GIPE-PUNE-149763

ફળઝાડના પાકો એ લાંબાગાળાના પાક છે. આમ વાવ્યા પછી તેમાંથી આર્થિક વળતર પાંચ વર્ષના સમય બાદ મળવાનું શરૂ થાય છે. આ પાંચ વર્ષના સમય દરમિયાન ખેડૂતે આર્થિક રોકાણ વિના વળતરે કરવું પડે. આથી કરીને જ વિસ્તારોમાં જમીન , આબોહવા ફળપાકોને ઘણા જ અનુકૂળ હોય તેમજ પિયતની પણ સગવડ મળી શકે તેમ હોય છતાં પણ ઓછી જમીન ધરાવતા ખેડૂતો આવડત અને ઇચ્છા હોવા છતાં પણ નાણાંકીય રીતે પહોંચી ન શકવાને લીધે ફળપાકો લઇ શકતા ન હતા. આના પરિણામે રાજ્યમાં ફળપાકોનો વિસ્તાર પ્રમાણમાં ઓછો છે અને જે ગતિએ વધારો થવો જોઇએ તે પણ થઇ શકતો નહતો.

આ પરિસ્થિતિનું નિવારણ કરવા જુના મુંબાઇ રાજ્યની હકુમત દરમિયાન ખેતીવાડી ખાતાના બાગાયત વિભાગમાં ફળપાકોના વિકાસ-ઉત્પાદનની યોજના રાજ્યના ખેતી અને જંગલ વિભાગના સરકારી પરિપત્ર નં. એચ. આર. ટી-૧૮૫૮-બી, તા. ૩૦-૧૦-૧૯૫૮ થી મંજુર કરવામાં આવી.: પરિશિષ્ટ-"અ" :

આ યોજનાની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

૧: ફળઝાડનો નવો બગીચો બનાવવા એક એકર દીઠ રૂપિયા ૩૦૦૦-૦૦ ની લોન આપવામાં આવતી.

૨: એક ખેડૂતને વધુમાં વધુ રૂા. ૩૦૦૦-૦૦ ની લોન મળી શકતી. સહકારી મંડળી વધુમાં વધુ રૂા. ૩૦,૦૦૦-૦૦ મળી શકતી.

૩: લોનની ૫૦ ટકા રકમ રોકડ રૂપમાં અને બાકીની ૫૦ટકા રકમ રોપા, કલમ, બીજ, ખાતર વગેરેના સ્વરૂપમાં આપવામાં આવતી.

૪: લોન લેનાર ખેડૂતે રાજ્યના બાગાયતી અધિકારી અને તેમના કર્મચારીઓના તાંત્રિક માર્ગદર્શન મુજબ વાવેતરની સંભાળ રાખવાની હતી.

૫: ખેડૂતે લીધેલ લોનની બમણી રકમ જેટલી કિંમતની સ્થાવર મિલ્કતની જામીનગીરી આપવાની હતી.

૬: આ લોન પહેલાં પાંચ વર્ષ સુધી વ્યાજ મૂકત હતી અને ત્યારબાદ ૪$\frac{3}{4}$ ટકાના વ્યાજ પ્રમાણે દસ સરખા હપ્તે લોન વ્યાજ સહીત પરત કરવાની હતી. લોનનો પહેલો હપ્તો જે તારીખે લોન આપવામાં આવી હોય તે સમયથી છ વર્ષ પૂરાં થતાં પહેલાં ભરવાનો હતો.

૭: નિયમ પાલનમાં શરત ચૂક થાય તો લોન લેનાર પાસેથી સમગ્ર રકમ શરૂઆતની તારીખથીજ ૮ ટકાના દંડનીય વ્યાજ સાથે વસુલ કરવાની હતી.

આ યોજના હેઠળ રાજ્યમાં સને ૧૯૫૯-૬૦ થી ૧૯૬૪-૬૫ ના સમય દરમિયાન કુલ ૧૬૯૬ ખેડૂતોને રૂા. ૧૦,૬૭,૦૦૦-૦૦ નું ધિરાણ કરવામાં આવ્યું હતું. આ ધિરાણની મદદથી ૫૭૨૯ એકર જેટલા વિસ્તારમાં ફળઝાડોનું વાવેતર થયું હોવાનો અંદાજ છે.

આ ધિરાણનો કેટલો ઉપયોગ થયો, કેમ નથી થયો, શા માટે નથી થયો, હપ્તા કેટલા ભરાયા, કેમ નથી ભરાયા, વગેરે પાસાંઓ ચકાસવા એક અભ્યાસ સને ૧૯૬૯-૭૦ માં હાથ ધરવામાં આવ્યો. નિયમ મુજબ સને ૧૯૬૩-૬૪ સુધી જે ખેડૂતોએ લોન લીધી હતી અને જેઓ હવે ધિરાણના હપ્તા ભરવાને પાત્ર થતા હતા. તેનો સર્વે કરી વિવિધપાસાઓની છણાવટ કરવામાં આવી છે.

આ અભ્યાસ માટે જામનગર, અમરેલી, રાજકોટ, જુનાગઢ, સુરેન્દ્રનગર, ભાવનગર, ખેડા, સાબરકાંઠા, અમદાવાદ, તથા મહેસાણા એમ કુલ-૧૦ જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા હતા.

<u>આયોજન પધ્ધતિ :-</u>

આ અભ્યાસ માટે ગુજરાત રાજ્યમાં ફળવિકાસ યોજના હેઠળ ધિરાણ લીધું હોય તેવા ખેડૂતોની સંખ્યાના ૭ ટકા પ્રમાણે કુલ ૧૧૯ ખેડૂતો રેન્ડમ પધ્ધતિ મુજબ પસંદ કરવામાં આવ્યા હતા. તે પૈકી ૧૧૬ ખેડૂતોની માહીતી નીયત કરેલા પત્રકમાં એકત્ર કરવામાં આવી

છે. પત્રકોની પ્રાપ્તી ૬૭.૪૮ ટકા જેટલી થાય છે. સદર માહીતી ખેતીવાડી ખાતાની ફળ વિકાસ યોજનાના ખેતી નિરીક્ષકો ધ્વારા નિયત કરેલ પત્રકમાં એકત્ર કરવામાં આવી હતી. માહીતી એકત્ર કરવા માટે ૬-ખેતી નિરીક્ષકોને અમદાવાદ ખાતે મદદનીશ આંકડાશાસ્ત્રી ધ્વારા યોગ્ય તાલીમ આપવામાં આવી હતી. તે મુજબ ઉપરોકત સર્વેને લગતી માહીતી એકત્ર કરવામાં આવી છે.

પરિણામોની ચર્ચા :-

પત્રક નંબર એકમાં ખેડૂતોનું ધિરાણ હેઠળનું ક્ષેત્રફળ અને ધિરાણની રકમ અંગેની માહીતી દર્શાવવામાં આવેલી છે. પત્રક નંબર એક જોતા જણાય છે કે ૩ થી ૬ એકર ક્ષેત્રફળ ધરાવતા ખેડૂતોની સંખ્યા ૩૧.૦૪ ટકા જેટલી છે. જયારે ૧૨.૬૩ ટકા જેટલા ખેડૂતો ૧૨ થી ૧૫ એકર ક્ષેત્રફળ ધરાવતા જણાય છે. ૩૦ થી વધુ એકર ક્ષેત્રફળ ધરાવતા ખેડૂતોની સંખ્યા ૧૪.૬૬ ટકા જેટલી થાય છે. જ્યારે ઓછામાં ઓછું ક્ષેત્રફળ ધરાવતા એટલે કે ૧ થી ૩ એકર ક્ષેત્રફળ ધરાવતા ખેડૂતોની સંખ્યા ૯.૪૮ ટકા જેટલી થાય છે.

ઉપરોકત ટકાવારી જોતાં જણાય છે કે ધીરાણ લીધું હોય એવા મોટાભાગના ખેડૂતો ૩ થી ૬ અને ૬ થી ૯ એકર ૧૮.૯૭ ટકા ખેડૂતોએ ફકત કુલ લોનના ૨૮.૧૮ ટકા જેટલી રકમ લોનમાં મેળવી છે.

ફળવિકાસ યોજના હેઠળ કુલ ૧૬૯૬ ખેડૂતોએ રૂા. ૧૦,૬૭૦૦ ની રકમની લોન ધિરાણ કરવામાં આવી હતી.

પત્રક નંબર બે જોતાં જણાય છે કે ૩૭.૬૩ ટકા જેટલા ખેડૂતોએ રૂા. ૪૦૦ થી ૮૦૦ સુધીની રકમ ધિરાણ તરીકે લીધી હોય તેમ જણાય છે. આમ વધુમાં વધુ ખેડૂતોએ રૂા. ૪૦૦ થી ૮૦૦ સુધીનું ધિરાણ લીધું હોય તેમ જણાય છે. જયારે ૬.૯૦ ટકા ખેડૂતોએ રૂા. ૨૦૦૦ થી વધારે રકમ ધિરાણ તરીકે લીધી હોય તેમ જણાય છે. જયારે ૩.૪૫ ટકા ખેડૂતોએ રૂા. ૨૦૦૦ થી ૨૪૦૦ સુધીની રકમ ધિરાણ તરીકે લીધી હોય તેમ જણાય છે. રૂા. ૨૦૦૦ થી ૨૪૦૦ નું ધિરાણ સૌથી ઓછા ખેડૂતોએ લીધું હોય તેમ જણાય છે. ખેડૂતોની

ટકાવારી જોતાં જણાય છે કે મોટાભાગના ખેડૂતો રૂા. ૪૦૦ થી ૮૦૦ સુધીની રકમ ધિરાણ તરીકે લીધી છે. જ્યારે ઓછામાં ઓછી રકમ એટલે કે રૂા. ૪૦૦ સુધીની રકમ લેનારા ખેડૂતોની સંખ્યા ધિરાણ મેળવનાર કુલ ખેડૂતોના ૧૮.૯૭ ટકા થાય છે.

પત્રક નં. ૩ માં વર્ષવાર ફળ વિકાસ માટે આપવામાં આવેલા ધિરાણ અંગેની માહીતી દર્શાવવામાં આવી છે. વર્ષ ૧૯૬૦-૬૧ તથા ૧૯૬૩-૬૪ માં વધારેમાં વધારે ખેડૂતોને ધિરાણની રકમ આપવામાં આવી હતી. જે અનુક્રમે ધિરાણ લીધું હોય એવા કુલ ખેડૂતોની સંખ્યાના ૩૫.૩૪ ટકા તથા ૩૪.૪૮ ટકા જેટલી થાય છે. જ્યારે કુલ ધિરાણમાં આપેલી રકમના ટકા અનુક્રમે ૩૭.૫૨ ટકા તથા ૨૮.૪૯ ટકા જેટલી થાય છે. વર્ષ ૧૯૫૯-૬૦ માં ઓછામાં ઓછા ખેડૂતોએ ધિરાણ લીધું હોય તેમ જણાય છે. જે ખેડૂતોની સંખ્યાના ૪.૩૧ ટકા થાય છે જ્યારે ધિરાણની કુલ રકમના ૬.૧૧ ટકા થાય છે.

ધિરાણનો ઉપયોગ ફળઝાડના વાવેતર માટે કરવામાં આવેલો નહોય તેવા ખેડૂતોની સંખ્યા વર્ષવાર નીચે મુજબ છે. વર્ષ ૧૯૬૦-૬૧ માં ૪.૮૮ ટકા ખેડૂતોએ ફળઝાડના વાવેતર માટે ધિરાણનો ઉપયોગ કર્યો નહતો. જ્યારે ૧૯૬૧-૬૨ તથા ૧૯૬૨-૬૩ ના વર્ષમાં અનુક્રમે ધિરાણનો ઉપયોગ નકર્યો હોય એવા ખેડૂતોની ટકાવાર સંખ્યા ૧૨.૫૦ ટકા અને ૩૦ ટકા જેટલી થાય છે. એકંદરે ૧૧૬ ખેડૂતોમાંથી ૬ ખેડૂતોએ ધિરાણનો ઉપયોગ કરેલ નહોય તેમ જણાય છે. જે કુલ ખેડૂતોના ૫.૧૭ ટકા જેટલી થાય છે. ધિરાણની રકમની દૃષ્ટિએ વિચાર કરીએ તો કુલ ધિરાણ કરેલી રકમના ૨.૩૩ ટકા જેટલી રકમ ફળઝાડના વાવેતરમાં વપરાઇ નથી એમ લાગે છે.

ફળવિકાસ યોજના હેઠળ કુલ ૧૬૯૬ ખેડૂતોમાંથી અંદાજે ૮૮- ખેડૂતોએ ધિરાણનાં ઉપયોગ ફળઝાડના વાવેતર કરવા માટે કર્યો ન હોય તેમ જણાય છે. અંદાજે ધિરાણની કુલ રકમ ૧૦,૬૭,૦૦૦ રૂા. માંથી રૂા. ૨૩,૭૯૪ રકમનો ઉપયોગ ફળઝાડના વિકાસ માટે થયો નહોય તેમ અંદાજવામાં આવે છે. જ્યારે રૂા. ૧૦,૪૩,૨૦૬ રકમનો ઉપયોગ

ફળઝાડના વિકાસ માટે ગયો હોય તેમ જણાય છે.

પત્રક નં. ૪ માં ખેડૂતોએ સ્વભંડોળમાંથી ફળઝાડ ઉગાડવા માટે વાપરેલી રકમની વિગત દર્શાવવામાં આવી છે. ૬ થી ૯ એકર અને ૧૫ થી ૨૧ એકર ક્ષેત્રફળ ધરાવતા ૩.૪૫ ટકા ખેડૂતોએ લોન ઉપરાંત પોતાના ભંડોળમાંથી ફળઝાડના વિકાસ માટે ખર્ચ કર્યુ છે. ૩૦ થી વધુ એકર ક્ષેત્રફળધરાવતા ૦.૮૬ ટકા ખેડૂતોએ પોતાના ભંડોળમાંથી ફળઝાડના વિકાસ માટે ખર્ચ કર્યુ હોય તેમ જણાય છે. જયારે સૌથી ઓછી જમીન ધરાવતા એટલે કે ૧ થી ૩ એકર ક્ષેત્રફળ ધરાવતા ખેડૂતોમાંથી ૦.૮૬ ટકા ખેડૂતોએ ફળઝાડના વિકાસ અર્થે સ્વભંડોળમાંથી ખર્ચ કર્યો હોય તેમ જણાય છે.

યોજનામાં અંદાજે કુલ ૧૬૯૬ ખેડૂતોમાંથી ૨૩૫ ખેડૂતોએ લોન ઉપરાંત ભંડોળમાંથી ફળઝાડનું વાવેતર કર્યુ હોય તેમ જણાય છે.

પત્રક નંબર -૫ માં વિવિધ ફળઝાડ હેઠળનું ક્ષેત્રફળ દર્શાવવામાં આવ્યું છે. ફળઝાડના વાવેતર માટે ધિરાણ લીધું હોય એવા ૧૧૬ ખેડૂતોનું ખેડવા લાયક ક્ષેત્રફળ ૧૯૫૧ એકર - ૧૨ ગુંઠા જેવું થાય છે. કુલ ક્ષેત્રફળના ૧૩.૪૮ ટકા ક્ષેત્રફળમાં આંબા ૦.૫૪ ટકા ક્ષેત્રફળમાં ચીકુના ૩.૫૬ ટકા ક્ષેત્રફળમાં જામફળ, ૦.૮૩ ટકા ક્ષેત્રફળમાં દાડમ, ૧.૮૦ ટકા ક્ષેત્રફળમાં લીંબુના પાકનું વાવેતર, થયું હોય તેમ જણાય છે. ફળઝાડની બાબતમાં મોટાભાગના ખેડૂતો આંબાના પાકનું વાવેતર વધુ કરતા જણાય -ય છે. ચીકુ, દાડમ, તથા લીંબુના પાકનું વાવેતર કરતા ખેડૂતો ઓછા જણાય છે. આમ મુખ્યત્વે આંબા તથા જામફળ પાકનું વાવેતર અન્ય ફળઝાડોની સરખામણીમાં વધુ થતું હોય તેમ જણાય છે.

ફળઝાડ વિકાસ યોજના હેઠળ ધિરાણ લીધુ હોય એવા કુલ ૧૬૯૬ ખેડૂતોની જમીનમાં ખેડાણ ઉપયોગી ક્ષેત્રફળ અંદાજે ૨૮,૫૪૨ એકર -૧૦ ગુંઠા જેટલું થાય છે તે પૈકી ૩૮૪૪ એકર -૨૩ ગુંઠામાં આંબાના પાકનું વાવેતર, ૧૫૪ એકર-૦૯ ગુંઠામાં ચીકુ, ૧૦૧૬ એકર-૨૧ ગુંઠામાં જામફળ, ૨૩૫ એકર-૧૮-ગુંઠામાં દાડમ, ૪૯૯એકર-૩૯ ગુંઠામાં લીંબુના પાકનું વાવેતર અંદાજવામાં આવે છે.

૧૯૬૦-૬૧ વર્ષમાં ૧.૭૩ ટકા ખેડૂતોને ધિરાણની રકમના ૦.૩૯ ટકા રકમ ધિરાણ અર્થે આપવામાં આવી હતી. જ્યારે ૧૯૬૨-૬૩ અને ૧૯૬૩-૬૪ વર્ષમાં અનુક્રમે ૦.૮૬ ટકા અને ૨.૫૮ ટકા ખેડૂતોને અનુક્રમે ૦.૨૬ ટકા અને ૧.૫૮ ટકા ધિરાણની રકમ આપવામાં આવી હતી.

પત્રક નંબર આઠમાં ખેડૂતોએ ધિરાણ પરત કર્યા અંગેની વિગત દર્શાવવામાં આવેલી છે. કુલ ખેડૂતોમાંથી ૨૩.૨૮ ટકા ખેડૂતોએ કુલ રકમના ૧૯.૭૯ ટકા જેટલી રકમ ધિરાણના વર્ષ ૧૯૬૩-૬૪ માં મેળવી હતી અને આ ૨૩.૨૮ ટકા જેટલા ખેડૂતોએ એકપણ હપ્તો ભર્યો હોય એમ જણાતું નથી તેવીજ રીતે કુલ ખેડૂતોના ૧૦.૩૪ ટકા જેટલા ખેડૂતોએ વર્ષ ૧૯૬૦-૬૧ માં કુલ ધિરાણનાં ૮.૧૭ ટકા જેટલી ધિરાણની કુલ રકમ મેળવી અને એકપણ હપ્તો ભર્યો હોય તેમ જણાતું નથી. પરિણામ જોતાં જણાય છે કે ૧૯૬૩-૬૪ વર્ષમાં આથી વધુ ખેડૂતોએ મેળવેલ ધિરાણની રકમનો એકપણ હપ્તો ભર્યો નથી. લીધેલી લોનના થોડા હપ્તા ભર્યા હોય તેવા ખેડૂતોની વિગત વર્ષવાર નીચે મુજબ છે.
૧૯૫૯-૬૦ વર્ષમાં ૦.૮૬ ટકા ખેડૂતોએ ૨.૧૩ ટકા લોન મેળવી જે પૈકી ૧.૧૯ ટકા જેટલી રકમ બાકી રહે છે તેવી જ રીતે ૧૯૬૦-૬૧, ૧૯૬૧-૬૨, ૧૯૬૨-૬૩, ૧૯૬૩-૬૪ વર્ષમાં અનુક્રમે ૧૪.૬૫ ટકા, ૩.૪૫ ટકા, ૧૩.૭૩ ટકા, ૬.૯૦ ટકા ખેડૂતોએ અનુક્રમે XXXXX ૨૩.૧૧ ટકા, ૫.૫૮ ટકા, ૨.૯૨ ટકા, ૪.૯૧ ટકા રકમ ધિરાણ તરીકે મેળવીને તે પૈકી અનુક્રમે ૨૧.૬૭, ૪.૫૯ ટકા, ૩.૨૦ ટકા, ૫.૬૯ ટકા એમ કુલ ૩૫.૧૩ ટકા રકમ બાકી રહેલ જણાય છે.
૧૯૬૨-૬૩ વર્ષમાં એકપણ ખેડૂતે લીધેલી લોનની રકમ પરત કરી નહોય. તેમ જણાતું નથી. ૧૯૬૩-૬૪ વર્ષમાં ૪.૩૧ ટકા ખેડૂતોએ કુલ ધિરાણના ૩.૮૧ ટકા લોનનાં બધા હપ્તા ભરપાઇ કર્યા હોય તેમ જણાય છે.

લોન ભરપાઇ નહિં કરવાનાં કારણો તપાસતાં જણાય છે કે ૧૯૫૯-૬૦ વર્ષમાં ૩.૬૪ ટકા ખેડૂતો ઉપરાણી ન થવાથી અથવા અન્ય કારણોસર લોન ભરપાઇ કરી શક્યા નથી તેમ જણાય છે. ૧૯૬૦-૬૧ વર્ષમાં ૧.૮૨ ટકા, ૧૯૬૧-૬૨ વર્ષમાં ૩.૬૪ ટકા, ૧૯૬૨-૬૩ વર્ષમાં

૧.૮૨ ટકા ખેડૂતો રોગ તથા ઉધઇના ઉપદ્રવથી ઝાડો નાશ પામ્યા હોવાથી કોઇપણ જાતની આવક ન થવાથી લોનની રકમ પરત કરી શકયા નથી. ૧૯૬૨-૬૩ અને ૧૯૬૩-૬૪ વર્ષમાં ૧.૮૨ ટકા ખેડૂતોએ પૈસાની અગવડતાને કારણે લોનની રકમ ભરી નથી તેમ જણાવ્યું છે.

૧.૮૨ ટકા ખેડૂતો ૧૯૬૦-૬૧ વર્ષમાં નવી જમીન ખરીદ કરેલ હોવાથી લોનની રકમ પરત કરી શકયા નથી તેમ જણાય છે.

ફળ વિકાસ યોજના હેઠળ ધિરાણ લીધું હોય એવા કુલ ૧૬૯૬ ખેડૂતોએ ૧૦,૬૭,૦૦૦ની રકમ લોન તરીકે લીધી હતી તે પૈકી અંદાજે રૂા.૩,૦૪,૫૨૨ ની રકમ ભરપાઇ કરી છે. જે કુલ રકમના ૨૮.૫૪ ટકા થાય છે. જયારે ૭૧.૪૬ ટકા જેટલી રકમ બાકી નીકળતી હોય તેમ જણાય છે.

પત્રક નંબર.૯ માં ખેડૂતોએ લીધેલ ધિરાણમાંથી બનાવેલ વાડીઓ કાઢી નાખવાનાં કારણો દર્શાવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે. ૬.૦૩ ટકા ખેડૂતોએ ૪.૮૬ ટકા જેટલી લોન ધિરાણ તરીકે ફળ વિકાસ અર્થે લીધી હતી પણ પાણીના અભાવે કલમો સુકાઇ ગઇ હોવાથી ફળઝાડનો વિકાસ કરી શકયા નથી. ૬.૦૩ ટકા ખેડૂતોએ કિટક તેમજ રોગના કારણે કલમો સુકાઇ જવાથી ૨.૮૬ ટકા જેટલી લોન લીધી હોવા છતાં વાડી બનાવી શકયા નથી.

૦.૮૬ ટકા, ૨.૫૯, ૨.૫૯, અને ૦.૮૬ ટકા ખેડૂતોએ અનુક્રમે ૦.૨૬ ટકા,૦.૮૪ ટકા, ૧.૦૬ ટકા અને ૨.૬૬ ટકા લોન લીધી છે. છતાં ખેડૂતોએ અન્ય કારણો જેવાં કે કલમો દુશ્મને કાપી નાખવાથી, રેલસંકટ તેમજ, અન્ય કુદરતી આફત,વાડી વેચી નાખવાથી, તથા જમીન અને પાણી માફક નહી આવવાથી વાડીઓ કરી શકયા નથી તેમ જણાય છે.

<u>ઉપસંહાર :-</u>

'ફળવિકાસ યોજના હેઠળ ધિરાણ લીધું હોય એવા મોટાભાગના ખેડૂતો ૩ થી ૯ એકર અને ૩૦ થી વધુ એકર જમીન ધરાવતા હોય એમ જણાય છે. ૩૭.૦૭ ટકા ખેડૂતોએ લોન રૂપિયા ૪૦૦ થી ૮૦૦ સુધીની

લીધી હોય એમ જણાય છે. જયારે ૧૮.૯૭ ટકા ખેડૂતોએ રૂા. ૪૦૦ સુધીની લોન લીધેલી જણાય છે. રૂા.૮૦૦ થી ૧૨૦૦ સુધીની લોન લેનારા ખેડૂતોની સંખ્યા ૧૫.૫૨ ટકા જેટલી થાય છે. ફળઝાડના વિકાસ માટે ધિરાણ લીધેલી રકમ જોતા જણાય છે કે ૧૯૬૦-૬૭ વર્ષમાં ખેડૂતોએ લીધેલા ધિરાણની રકમનું પ્રમાણ વધુ જણાય છે. ધિરાણ લીધેલા મોટા ભાગના ખેડૂતોએ ધિરાણમાં મેળવેલી રકમનો ફળઝાડના વિકાસ માટે ઉપયોગ કર્યો હોય તેમ જણાય છે. ઘણા ખેડૂતોએ ફળઝાડના વિકાસ માટે લોન ઉપરાંત પોતાના ભંડોળમાંથી પણ રકમ ખર્ચી હોય તેમ જણાય છે. ૩૦ એકર થી વધુ એકર ધરાવતા ખેડૂતોએ આંબા, ચીકુ, જામફળ, દાડમ તથા લીંબું પાકનું વાવેતર વધુ કર્યું હોય એમ જણાય છે. આથી સ્પષ્ટ થાય છે કે ફળઝાડનું વાવેતર કરનાર મોટાભાગના ખેડૂતો ખેડવા લાયક વિસ્તાર વધુ ધરાવતા જણાય છે. અન્ય ફળઝાડની સરખામણીમાં આંબા પાકનું વાવેતર વધુ પ્રમાણમાં કરવામાં આવતું હોય તેમ જણાય છે. આંબા પાકની બાબતમાં આંબા પાકનું ઉત્પાદન ૫ વર્ષથી ઉપરના ઝાડો વધુ ઉત્પાદન આપતાં જણાય છે. ચીકુ પાકની બાબતમાં ૭ વર્ષથી વધુ ઉંમરના ઝાડો વધુ ઉત્પન્ન આપતાં જણાયાં છે. જામફળ પાકની બાબતમાં ૫ થી વધુ વર્ષની ઉંમરના ઝાડો વધુ ઉત્પન્ન આપતા જણાયા છે. દાડમ તથા લીંબુ પાકની બાબતમાં માહિતી અપુરતી હોવાના કારણે ઉત્પાદન અંગે ઝાડોની ઉંમરનો ચોકકસ ખ્યાલ આપી શકાયેલ નથી. મોટાભાગના ખેડૂતોએ ધિરાણનો ઉપયોગ કર્યો હોય તેમ જણાય છે. ૪૪.૦૮ ટકા ખેડૂતોએ લીધેલી લોનના એકપણ હપ્તા ભર્યા ન હોય તેમ જણાય છે. ખેડૂતોએ લીધેલી લોનના ૪૯.૯૭ ટકા જેટલી રકમ બાકી રહેતી જણાય છે. ૨૭.૫૯ ટકા ખેડૂતોએ લીધેલી લોનના થોડાક હપ્તા ભરેલાં જણાય છે. જયારે ૧૮.૧૧ ટકા ખેડૂતોએ લોનનાં બધા જ હપ્તા ભરેલા જણાય છે. લોન નહીં ભરવાનું મુખ્ય કારણ ઉત્પન્નં ઓછું આવવાના કારણે જણાય છે. ઉત્પન્ન ઓછું આવવાનું મુખ્ય કારણ પાણીનો અભાવ તથા રોગ જણાય છે.

ખેડૂતોનું ખેડાણ હેઠળનું ક્ષેત્રફળ અને ધિરાણ મેળવેલી રકમ અંગેની માહિતી.

પત્રક નં. ૧.

| હોલ્ડીંગસાઇઝ. | | કુલ ખેડૂતો. | | ખેડૂતોના ટકા. | લોનની રકમ. | | લોનના ટકા. |
|---|---|---|---|---|---|---|---|
| એકરમાં. | ગુંઠા. | નમુના | અંદાજ. | | નમુના. | અંદાજ. | |
| ૦.૧ | ૩.૦ | ૧૧ | ૧૬૧ | ૯.૪૮ | ૯૦૬૨-૫૦ | ૮૫૫૭૩ | ૮.૦૨ |
| ૩.૧ | ૬.૦ | ૧૮ | ૨૬૩ | ૧૫.૫૨ | ૧૧૩૪૫-૦૦ | ૧૦૭૨૩૩ | ૧૦.૦૫ |
| ૬.૧ | ૯.૦ | ૧૮ | ૨૬૩ | ૧૫.૫૨ | ૧૮૦૩૦-૦૦ | ૧૭૦૪૦૦ | ૧૫.૯૭ |
| ૯.૧ | ૧૨.૦ | ૮ | ૧[illegible] | ૬.૯૦ | ૬૧૫૦-૦૦ | ૫૮૧૫૧ | ૫.૪૫ |
| ૧૨.૧ | ૧૫.૦ | ૧૫ | ૨૧૯ | ૧૨.૯૩ | ૧૪૯૧૨-૫૦ | ૧૪૦૯૫૧ | ૧૩.૨૧ |
| ૧૫.૧ | ૧૮.૦ | ૧૧ | ૧૫૧ | ૯.૪૮ | ૭૩૦૦-૦૦ | ૬૮૯૨૮ | ૬.૪૬ |
| ૧૮.૧ | ૨૧.૦ | ૬ | ૮૮ | ૫.૧૭ | ૬૩૫૦-૦૦ | ૫૯૯૬૬ | ૫.૬૨ |
| ૨૧.૦ | ૨૪.૦ | ૫ | ૭૩ | ૪.૩૧ | ૪૩૫૦-૦૦ | ૪૧૦૮૦ | ૩.૮૫ |
| ૨૪.૧ | ૨૭.૦ | ૨ | ૨૯ | ૧.૭૨ | ૩૬૦૦-૦૦ | ૩૪૦૩૭ | ૩.૧૯ |
| ૨૭.૧ | ૩૦.૦ | ૫ | ૭૩ | ૪.૩૧ | ૧૧૩૦૪-૦૦ | ૧૦૬૮૦૭ | ૧૦.૦૧ |
| ૩૦.૧ થી ઉપરના | | ૧૭ | ૨૪૯ | ૧૪.૬૬ | ૨૦૫૨૫-૦૦ | ૧૯૩૮૭૪ | ૧૮.૧૭ |
| કુલઃ- | | ૧૧૬ * | ૧૬૯૬ | ૧૦૦ ટકા | ૧૧૨૯૨૯ | ૧૦૬૭૦૦૦ * | ૧૦૦ ટકા |

* આ યોજના હેઠળ કુલ ૧૬૯૬ ખેડૂતોએ રૂ. ૧૦,૬૭,૦૦૦-૦૦ ની રકમનું ધિરાણ મેળવ્યું હતું.

ખેડૂતોએ ધિરાણ મેળવેલી રકમની વિગત.

પત્રક નં. ૨.

| રકમ. | ધિરાણલીધેલ ખેડૂતોની સંખ્યા. | | ખેડૂતોના ટકા. | કુલ ધિરાણ મેળવેલી રકમ. | | ધિરાણ ટકા. |
|---|---|---|---|---|---|---|
| | નમુના | અંદાજ. | | નમુના. | અંદાજ. | |
| ૧-૪૦૦ | ૨૨ | ૩૨૨ | ૧૮.૯૭ | ૫૬૩૮.૦૦ | ૫૩૨૪૩ | ૪.૯૯ |
| ૪૦૧-૮૦૦ | ૪૪ | ૬૪૪ | ૩૭.૯૩ | ૨૫૫૬૨-૫૦ | ૨૪૧૫૬૯ | ૨૨.૬૪ |
| ૮૦૧-૧૨૦૦ | ૧૮ | ૨૬૩ | ૧૫.૫૨ | ૧૭૩૯૪-૫૦ | ૧૬૪૪૨૫ | ૧૫.૪૧ |
| ૧૨૦૧-૧૬૦૦ | ૧૩ | ૧૯૦ | ૧૧.૨૧ | ૨૦૩૫૪-૦૦ | ૧૯૨૨૭૪ | ૧૮.૦૨ |
| ૧૬૦૧-૨૦૦૦ | ૭ | ૧૦૨ | ૬.૦૨ | ૧૦૯૮૦-૦૦ | ૧૦૩૭૧૨ | ૯.૭૨ |
| ૨૦૦૧-૨૪૦૦ | ૪ | ૫૮ | ૩.૪૫ | ૯૬૦૦-૦૦ | ૯૦૬૯૫ | ૮.૫૦ |
| ૨૪૦૧ થી ઉપર | ૮ | ૧૧૭ | ૬.૯૦ | ૨૩૪૦૦-૦૦ | ૨૨૧૦૮૨ | ૨૦.૭૨ |
| કુલ:- | ૧૧૬ | ∞ ૧૬૯૬ | ૧૦૦ ટકા | ૧૧૨૯૨૯-૦૦ | ∞ ૧૦૬૭૦૦૦ | ૧૦૦ ટકા |

કુલ અકીમના:-

∞ આ યોજના હેઠળ કુલે ૧૬૯૬ ખેડૂતોએ રૂ. ૧૦,૬૭,૦૦૦-૦૦ નું ધિરાણ મેળવ્યું હતું.

## ફળઝાડ વિકાસ માટે આપવામાં આવેલ વર્ષવાર ધિરાણ અંગેની માહીતી.

પત્રક નં. ૩.

| વર્ષ. | ધિરાણ આપવામાં આવેલ ખેડૂતોની સંખ્યા. નમૂના. | અંદાજી. | ખેડૂતોના ટકા. | ધિરાણ ના નમુના. | અંદાજી રકમ. અંદાજી. | ધિરાણ ના ટકા. | ધિરાણનો ઉપયોગ ફળઝાડના વાવેતરમાટે ન કરેલહોય તેવાખેડૂતો. નમૂના. | અંદાજી. | ખેડૂતોના ટકા. | કુલરકમ જેનો ઉપયોગ ફળઝાડના વાવેતર માટેકરવામાં આવેલનહોય. નમૂના. | અંદાજી. | ટકા. | કુલરકમ જેફળઝાડ માટે ઉપયોગમાં આવેલ. નમૂના | અંદાજી. | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૯૫૯લ ૧૯૬૦ | ૫ | ૭૩ | ૪.૩૧ | ૬૯૦૦ | ૬૫૧૯૪ | ૬.૧૧ | – | – | – | – | – | – | ૬૯૦૦ | ૬૫૧૯૪ | ૬.૧૧ |
| ૧૯૬૦–૧૯૬૧ | ૪૧ | ૬૦૦ | ૩૫.૩૪ | ૪૨૩૭૫ | ૪૦૦૩૩૯ | ૩૭.૫૨ | ૨ | ૨૯ | ૪.૮૮ | ૪૫૦ | ૪૧૬૧ | ૦.૩૯ | ૪૧૯૨૫ | ૩૯૬૦૭૧ | ૩૭.૧૨ |
| ૧૯૬૧–૧૯૬૨ | ૮ | ૧૧૭ | ૬.૯૦ | ૯૮૫૦ | ૯૩૦૪૨ | ૮.૭૨ | ૧ | ૧૫ | ૧૨.૫૦ | ૩૦૦ | ૨૭૭૪ | ૦.૨૬ | ૯૫૫૦ | ૯૦૨૬૮ | ૮.૪૬ |
| ૧૯૬૨–૧૯૬૩ | ૧૦ | ૧૪૬ | ૮.૬૨ | ૮૯૬૨.૫૦ | ૮૪૭૨૦ | ૭.૯૪ | ૩ | ૪૪ | ૩૦.૦૦ | ૧૭૬૨.૫૦ | ૧૬૮૫૯ | ૧.૫૮ | ૭૨૦૦ | ૬૭૯૬૮ | ૬.૩૭ |
| ૧૯૬૩–૧૯૬૪ | ૪૦ | ૫૮૫ | ૩૪.૪૮ | ૩૨૧૭૯.૦૦ | ૩૦૩૯૮૮ | ૨૮.૪૯ | – | – | – | – | – | – | ૩૨૧૭૯ | ૩૦૩૯૮૮ | ૨૮.૪૯ |
| ૧૯૬૪–૧૯૬૫ | ૧૨ | ૧૭૫ | ૧૦.૩૫ | ૧૨૬૬૨.૫૦ | ૧૧૯૭૧૭ | ૧૧.૨૨ | – | – | – | – | – | – | ૧૨૬૬૨.૫૦ | ૧૧૯૩૨૭ | ૧૧.૨૨ |
| | | | | | | | | | | | | | | ૧૦૪૩૨૦૬, | |

કુલ: –૧૧૬,૧૬૯૬,૧૦૦૮કા,૧૧૨૯૨૯.૦૦,૧૦૬૭૦૦૦,૧૦૦૮૫ા, ૬ ૮૮ ૫. ૧૭,૨૫૧૨.૫૦,૨૩૭૯૪૨. ૨૩,૧૧૦૪૧૬.૫૦,૯૭.૭૭

## ખેડૂતોએ સ્વભંડોળમાંથી ફળઝાડ ઉગાડવા માટે વાપરેલી રકમની વિગત.

પત્રક નં. ૪

| હોલ્ડીંગસ ાઇઝ. | લોનઉપરાંત સ્વભંડોળમાંથી ફળઝાડના વાવેતર કરનાર ખેડૂતોની સંખ્યા. — નમુના. સંદ ૭. | | ટકા. | લીધેલલોનની રકમ. — નમુનાની. સંદ ૭. | | ટકા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૦.૧- ૩.૦ | ૧ | ૧૫ | ૦.૮૬ | ૬૦૦ | ૫૬૫ | ૦.૫૩ |
| ૩.૧- ૬.૦ | ૨ | ૨૯ | ૧.૭૨ | ૮૦૦ | ૭૫૭૬ | ૦.૭૧ |
| ૬.૧- ૯.૦ | ૪ | ૫૮ | ૩.૪૫ | ૨૪૦૦ | ૨૨૬૨૧ | ૨.૧૨ |
| ૯.૧-૧૨.૦ | ૧ | ૧૫ | ૦.૮૬ | ૧૫૦૦ | ૧૪૧૯૧ | ૧.૩૩ |
| ૧૨.૧-૧૫.૦ | - | - | - | - | - | - |
| ૧૫.૧-૨૧.૦ | ૪ | ૫૮ | ૩.૪૫ | ૪૦૫૦ | ૩૮૩૦૫ | ૩.૫૯ |
| ૨૧.૧-૨૪.૦ | ૧ | ૧૫ | ૦.૮૬ | ૩૦૦૦ | ૨૮૩૮૨ | ૨.૬૬ |
| ૨૪.૧-૨૭.૦ | ૧ | ૧૫ | ૦.૮૬ | ૧૨૦૦ | ૧૧૩૧૦ | ૧.૦૬ |
| ૨૭.૧-૩૦.૦ | ૧ | ૧૫ | ૦.૮૬ | ૬૦૦ | ૫૬૫૫ | ૦.૫૩ |
| ૩૦.૧ થી ઉપર | ૧ | ૧૫ | ૦.૮૬ | ૧૫૦૦ | ૧૪૧૯૧ | ૧.૩૩ |
| કુલ: - | ૧૬ | ૨૩૫ | ૧૩.૭૮ | ૧૫૬૫૦ | ૧૪૭૮૮૬ | ૧૩.૮૬ |

## વિવિધ ફળઝાડ હેઠળનું ક્ષેત્રફળ દર્શાવતું પત્રક.

### પત્રક નં.૫.

| હોલ્ડીંગસાઇઝ. | કુલ ક્ષેત્રફળ. એકર.ગુ. નમુના | અંદાજી. | કુલ ખેડૂતો. નમુના | અંદાજી. | આંબાપાક હેઠળનું ક્ષેત્રફળ તથા ખેડૂતોની સંખ્યા. નમુના: ક્ષેત્રફળ. | ખેડૂતો. | અંદાજી: ક્ષેત્રફળ અ.ગુ. | ખેડૂતો | ચીકુ પાક હેઠળનું ક્ષેત્રફળ તથા ખેડૂતોની સંખ્યા. નમુના: ક્ષેત્રફળ. અ.ગુ. | ખેડૂતો. | અંદાજી: ક્ષેત્રફળ. અ.ગુ. | ખેડૂતો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૦.૩ | ૨૨.૧૧ | ૩૨૬.૦૧ | ૧૧ | ૧૬૧ | ૧૬.૧૭ | ૯ | ૨૩૫.૩૯ | ૧૩૨ | ૧.૨૦ | ૧ | ૨૧.૩૮ | ૧૫ |
| ૩.૧- ૬.૦ | ૮૧.૩૦ | ૧૧૯૪.૦૬ | ૧૮ | ૨૬૩ | ૨૦.૩૮ | ૧૧ | ૩૦૬.૦૨ | ૧૬૧ | - | - | - | - |
| ૬.૧-૯.૦ | ૧૪૧.૦૬ | ૨૦૬૨.૧૪ | ૧૮ | ૨૬૩ | ૩૩.૩૨ | ૧૦ | ૪૯૩.૩૪ | ૧૪૬ | ૦.૧૦ | ૧ | ૩.૨૬ | ૧૫ |
| ૯.૧-૧૨.૦ | ૮૨.૩૬ | ૧૨૧૨.૧૪ | ૮ | ૧૧૭ | ૧૭.૦૦ | ૬ | ૨૪૮.૨૫ | ૮૮ | - | - | - | - |
| ૧૨.૧-૧૫.૦ | ૨૦૪.૩૧ | ૨૯૮૯.૨૪ | ૧૫ | ૨૧૯ | ૩૦.૨૭ | ૧૨ | ૪૪૭.૩૩ | ૧૭૫ | ૦.૨૦ | ૧ | ૭.૧૨ | ૧૫ |
| ૧૫.૧-૧૮.૦ | ૧૮૦.૧૭ | ૨૬૪૦.૩૦ | ૧૧ | ૧૬૧ | ૨૬.૧૮ | ૯ | ૩૮૭.૦૫ | ૧૩૨ | - | - | - | - |
| ૧૮.૧-૨૧.૦ | ૧૧૮.૦૦ | ૧૭૩૦.૨૬ | ૬ | ૮૮ | ૧૯.૧૦ | ૫ | ૨૮૨.૧૩ | ૭૩ | - | - | - | - |
| ૨૧.૧-૨૪.૦ | ૧૧૧.૧૭ | ૧૬૨૬.૩૨ | ૫ | ૭૩ | ૧૦.૧૪ | ૩ | ૧૫૧.૦૪ | ૪૪ | ૪.૩૨ | ૧ | ૭૦.૦૩ | ૧૪ |
| ૨૪.૧-૨૭.૦ | ૪૯.૨૭ | ૭૨૦.૧૧ | ૨ | ૨૯ | ૭.૨૯ | ૨ | ૧૧૨.૦૦ | ૨૯ | - | - | - | - |
| ૨૭.૧-૩૦.૦ | ૧૪૬.૧૧ | ૨૧૩૫.૨૪ | ૫ | ૭૩ | ૧૦.૦૦ | ૩ | ૧૪૬.૦૦ | ૪૪ | - | - | - | - |
| ૩૦.૦થીઉપર | ૮૧૨.૨૫ | ૧૧૯૦૨.૨૨ | ૧૭ | ૨૪૯ | ૭૦.૨૩ | ૧૫ | ૧૦૩૩.૨૮ | ૨૧૯ | ૩.૨૦ | ૨ | ૫૧.૧૦ | ૨૯ |
| કુલ:- | ૧૯૫૧.૧૨ | ૨૮૫૪૨.૧૦ | ૧૧૬ | ૧૬૯૬ | ૨૬૨.૩૮ | ૮૫ | ૩૮૪૪.૨૩ | ૧૨૪૩ | ૧૦.૨૨ | ૬ | ૧૫૪.૦૯ | ૮૮ |

..૨..

-૧૩-૨. ચાલુ...

## વિવિધ ફળઝાડ હેઠળનું ક્ષેત્રફળ દર્શાવતું પત્રક.

પત્રક નં.૫

| હોલ્ડીંગસાઇઝ. | જામફળપાક હેઠળનું ક્ષેત્રફળ તથા ખેડૂતોની સંખ્યા. | | | | દાડમપાક હેઠળનું ક્ષેત્રફળ તથા ખેડૂતોની સંખ્યા. | | | | લીંબુ પાક હેઠળનું ક્ષેત્રફળ તથા ખેડૂતોની સંખ્યા. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નમુના | | અંદાજ. | | નમુના | | અંદાજ. | | નમુના | | અંદાજ. | |
| | ક્ષેત્રફળ. અ. ગુ. | ખેડૂતો | ક્ષેત્રફળ. અ. ગુ. | ખેડૂતો | ક્ષેત્રફળ. અ. ગુ. | ખેડૂતો. | ક્ષેત્રફળ. અ. ગુ. | ખેડૂતો | ક્ષેત્રફળ. અ. ગુ. | ખેડૂતો. | ક્ષેત્રફળ. અ. ગુ. | ખેડૂતો. |
| ૧ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૦.૩ | ૧.૨૦ | ૧ | ૨૧.૩૮ | ૧૫ | ૦.૨૦ | ૧ | ૭.૦૭ | ૧૫ | ૦.૧૫ | ૧ | ૫.૨૦ | ૧૫ |
| ૩.૧-૬.૦ | ૧૭.૧૯ | ૫ | ૨૫૫.૨૧ | ૭૪ | — | — | — | — | ૮.૨૨ | ૨ | ૧૨૪.૩૬ | ૨૯ |
| ૬.૧-૯.૦ | ૧૩.૩૬ | ૬ | ૨૦૩.૦૪ | ૮૮ | ૪.૧૩ | ૨ | ૬૩.૦૭ | ૨૯ | ૩.૦૦ | ૨ | ૪૩.૩૨ | ૨૯ |
| ૯.૧-૧૨.૦ | ૧૦.૩૬ | ૪ | ૧૫૯.૧૬ | ૫૮ | ૭.૦૦ | ૨ | ૧૦૨.૧૫ | ૨૯ | — | — | — | — |
| ૧૨.૧-૧૫.૦ | ૧૨.૩૯ | ૪ | ૧૮૯.૧૭ | ૫૮ | ૩.૨૦ | ૧ | ૫૧.૦૪ | ૧૫ | ૧.૩૦ | ૨ | ૨૫.૨૨ | ૨૯ |
| ૧૫.૧-૧૮.૦ | ૪.૩૪ | ૨ | ૭૧.૦૦ | ૨૯ | — | — | — | — | ૧.૦૦ | ૧ | ૧૪.૨૫ | ૧૫ |
| ૧૮.૧-૨૧.૦ | — | — | — | — | — | — | — | — | — | — | — | — |
| ૨૧.૧-૨૪.૦ | ૧.૨૦ | ૧ | ૨૧.૩૭ | ૧૪ | — | — | — | — | — | — | — | — |
| ૨૪.૧-૨૭.૦ | — | — | — | — | — | — | — | — | — | — | — | — |
| ૨૭.૧-૩૦.૦ | ૪.૩૮ | ૩ | ૭૨.૦૯ | ૪૪ | ૦.૩૨ | ૨ | ૧૧.૨૫ | ૨૯ | — | — | — | — |
| ૩૦.૧થી ઉપર | ૧.૨૦ | ૧ | ૨૨.૦૦ | ૧૫ | — | — | — | — | ૧૯.૨૦ | ૨ | ૨૮૫.૨૪ | ૨૯ |
| કુલ: — | ૬૯.૨૨ | ૨૭ | ૧૦૧૬.૨૧ | ૩૯૫ | ૧૬.૦૫ | ૮ | ૨૩૫.૧૮ | ૧૧૭ | ૩૫.૦૭ | ૧૦ | ૪૯૯.૩૯ | ૧૪૬ |

## ધિરાણ દ્વારા ફળઝાડની વાડીમાં વર્ષવાર મળેલ ઉત્પાદનની વિગત.

પત્રક નં. ૬

| પાક. | વર્ષ. | ત્રણ વર્ષથી નીચેના. | | પાંચ વર્ષથી નીચેના. | | સાત વર્ષથી નીચેના. | | સાતથી વધુ વર્ષના. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઝાડની સંખ્યા | ઉત્પાદન કી. ગ્રા. | ઝાડની સંખ્યા | ઉત્પાદન કી. ગ્રા. | ઝાડની સંખ્યા | ઉત્પાદન કી. ગ્રા. | ઝાડની સંખ્યા | ઉત્પાદન કી. ગ્રા. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| આંબા | ૬૮-૬૯ | – | – | ૧૦૦૩ | ૫૪૭૫ | ૯૮૫ | ૧૮૨૯૦ | ૧૨૯૩ | ૯૭૦૦ |
| | ૬૯-૭૦ | – | – | ૩૭૨ | ૨૫૭૫ | ૧૪૭૮ | ૧૦૬૨૫ | ૨૬૪૩ | ૩૪૬૭૨ |
| ચીકુ | ૬૮-૬૯ | – | – | = | – | ૬૦ | ૮૦ | ૩૨૫ | ૪૦૦૦ |
| | ૬૯-૭૦ | – | – | – | – | – | – | ૩૮૫ | ૪૧૨૫ |
| જામફળ | ૬૮-૬૯ | – | – | ૮૬૨ | ૪૫૫૦૦ | ૮૫૬ | ૧૪૫૨૦ | ૪૦૦ | ૧૫૦૦ |
| | ૬૯-૭૦ | – | – | ૪૬૨ | ૨૮૦૦૦ | ૧૯૯૨ | ૫૧૩૭૫ | ૭૪૫ | ૪૮૨૦ |
| દાડમ | ૬૮-૬૯ | – | – | ૮૦ | ૧૬૦૦ | ૪૫૦ | ૭૦૦૦ | – | – |
| | ૬૯-૭૦ | – | – | ૧૦૩૦ | ૭૩૦૦ | ૬૩૦ | ૧૩૯૦૦ | – | – |
| લીંબુ | ૬૮-૬૯ | – | – | – | – | – | – | – | – |
| | ૬૯-૭૦ | – | – | – | – | – | – | ૪૧૦ | ૭૬૦ |

## ધિરાણનો ઉપયોગ નહી કરનાર ખેડૂતો અંગેની માહીતી.

પત્રક નં.૭

| વર્ષ. | ધિરાણનો ઉપયોગ ન કરેલ તેવા ખેડૂતોની સંખ્યા. | | ટકા | ધિરાણની રકમ. | | ટકા | કારણ. |
|---|---|---|---|---|---|---|---|
| | નમુના. | અંદાજ. | | નમુના. | અંદાજ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૯૬૦-૬૧ | ૨ | ૨૯ | ૪.૮૮ | ૪૫૦.૦૦ | ૪૧૬૧.૦૦ | ૦.૩૯ | પાણીના અભાવે. |
| ૧૯૬૨-૬૩ | ૧ | ૧૫ | ૧૨.૫૦ | ૩૦૦.૦૦ | ૨૭૭૪.૦૦ | ૦.૨૬ | કલમો ન મળવાના અભાવે. |
| ૧૯૬૩-૬૪ | ૩ | ૪૪ | ૩[illegible].૦૦ | ૧૭૬૨.૫૦ | ૧૬૮૫૯.૦૦ | ૧.૫૮ | પાણીના અભાવે. |
| કુલઃ- | ૬ | ૮૮ | ૫.૧૭ | ૨૫૧૨.૫૦ | ૨૩૭૯૪.૦૦ | ૨.૨૩ | |

—૧૬— ૧.

## ખેડૂતોએ ધિરાણ પરત કર્યાની વિગત.

| વિગત. | વર્ષ. | કુલ ખેડૂતો. | ટકા. | ધિરાણ મેળવેલ કુલરકમ. | ટકા. | ભરપાઈ ગયેલ હપ્તાની કુલરકમ. | ટકા. | કુલરકમબાકી. | ટકા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| લીધેલ લોનના એકપણ હપ્તા ભરેલ ન હોય તેવા ખેડૂતો. | ૫૯-૬૦ | ૨ | ૧.૭૩ | ૬૦૦.૦૦ | ૦.૫૩ | - | - | ૬૦૦.૦૦ | ૦.૭૪ |
| | ૬૦-૬૧ | ૧૨ | ૧૦.૩૪ | ૯૨૨૫.૦૦ | ૮.૧૭ | - | - | ૯૨૨૫ | ૧૧.૪૩ |
| | ૬૧-૬૨ | ૨ | ૧.૭૩ | ૨૫૦૦.૦૦ | ૨.૨૧ | - | - | ૧૫૦૦ | ૩.૧૧ |
| | ૬૨-૬૩ | ૮ | ૬.૯૦ | ૫૬૬૨.૫૦ | ૫.૦૩ | - | - | ૫૬૬૨.૫૦ | ૭.૦૨ |
| | ૬૩-૬૪ | ૨૭ | ૨૩.૨૮ | ૨૨૩૨૯.૦૦ | ૧૯.૭૭ | - | - | ૨૨૩૨૯ | ૨૭.૬૭ |
| | ૬૪-૬૫ | ૪ | ૩.૪૫ | ૨૯૫૦.૦૦ | ૨.૬૧ | - | - | ૨૯૫૦ | ૩.૬૫ |
| | કુલ: - | ૫૫ | ૪૭.૪૨ | ૪૩૨૬૬.૫૦ | ૩૮.૩૨ | - | - | ૪૩૨૬૬.૫૦ | ૫૩.૬૨ |
| લીધેલ લોનના થોડા હપ્તા ભરેલ હોય તેવા ખેડૂતો. | ૫૯-૬૦ | ૧ | ૦.૮૬ | ૨૪૦૦.૦૦ | ૨.૧૩ | ૨૪૪૦ | ૪.૪૭ | ૯૬૦ | ૧.૧૯ |
| | ૬૦-૬૧ | ૧૭ | ૧૪.૬૫ | ૨૬૧૦૦.૦૦ | ૨૩.૧૧ | ૮૬૧૦ | ૨૬.૭૧ | ૧૭૪૯૦ | ૨૧.૬૭ |
| | ૬૧-૬૨ | ૪ | ૩.૪૫ | ૬૩૦૦.૦૦ | ૫.૫૮ | ૨૬૨૦ | ૮.૧૩ | ૩૬૮૦ | ૪.૫૭ |
| | ૬૨-૬૩ | ૨ | ૧.૭૩ | ૩૩૦૦.૦૦ | ૨.૯૨ | ૭૨૦ | ૨.૨૩ | ૨૫૮૦ | ૩.૨૦ |
| | ૬૩-૬૪ | ૮ | ૬.૯૦ | ૫૫૫૦.૦૦ | ૪.૯૧ | ૯૬૦ | ૨.૯૨ | ૪૫૯૦ | ૫.૬૯ |
| | ૬૪-૬૫ | ૭ | ૬.૦૩ | ૯૪૧૨.૫૦ | ૮.૩૩ | ૧૨૮૨.૫૦ | ૩૯.૭૭ | ૮૧૩૦ | ૧૦.૦૭ |
| | કુલ: - | ૩૯ | ૩૩.૬૨ | ૫૩૦૬૨.૫૦ | ૪૬.૯૮ | ૧૫૬૩૨.૫૦ | ૪૮.૫૦ | ૩૭૪૩૦ | ૪૬.૩૮ |
| લીધેલ લોનના બધાજ હપ્તા ભરેલ હોય તેવા ખેડૂતો. | ૫૯-૬૦ | ૨ | ૧.૭૩ | ૩૯૦૦.૦૦ | ૩.૪૬ | ૩૯૦૦.૦૦ | ૧૨.૧૦ | - | - |
| | ૬૦-૬૧ | ૧૨ | ૧૦.૩૪ | ૭૦૫૦.૦૦ | ૬.૨૪ | ૭૦૫૦ | ૨૧.૮૭ | - | - |
| | ૬૧-૬૨ | ૨ | ૧.૭૩ | ૧૦૫૦.૦૦ | ૦.૯૨ | ૧૦૫૦ | ૩.૨૬ | - | - |
| | ૬૨-૬૩ | - | - | - | - | - | - | - | - |
| | ૬૩-૬૪ | ૫ | ૪.૩૧ | ૪૩૦૦.૦૦ | ૩.૮૧ | ૪૩૦૦ | ૧૩.૩૪ | - | - |
| | ૬૪-૬૫ | ૧ | ૦.૮૬ | ૩૦૦.૦૦ | ૦.૨૭ | ૩૦૦ | ૦.૯૩ | - | - |
| | કુલ: - | ૨૨ | ૧૮.૯૬ | ૧૬૬૦૦.૦૦ | ૧૪.૭૦ | ૧૬૬૦૦ | ૫૧.૫૦ | - | - |
| કુલ: - | | ૧૧૬ | ૧૦૦ટકા | ૧૧૨૯૨૯.૦૦ | ૧૦૦ટકા | ૩૨૨૩૨.૫૦ | ૨૮.૫૪ | ૮૦૬૯૬.૫૦ | ૭૧.૪૬ |

ખેડૂતોએ ધિરાણ પરત કર્યાની વિગત. પત્રક નં. ૮.

| વિગત. | વર્ષ. | પાણીના અભાવે કલમો સુકાઇ જવાથી ઉત્પન્ન તેમજ આવક ન મળવાથી. | ટકા. | રોગતથા ઉધઇના ઉપદ્રવથી ઝાડો નાશ પામેલ આવક ન થવાથી. | ટકા. | ખેડૂતોની સંખ્યા લોન ભરપાઇ ન કરવાના કારણો: પૈસાની અગવડતા. | ટકા. | નવા જમીન ભરણાં કરેલ હોવાથી. | ટકા. | ઉધરાણી નથવાથી અથવા અન્ય કારણોસર. | ટકા. | શેરો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| લીધેલલોનના એકપણ હપ્તા ભરેલ નહોયતેવા ખેડૂતો. | ૫૯-૬૦ | - | - | - | - | - | - | - | - | ૨ | ૩.૬૪ | કાળ |
| | ૬૦-૬૧ | - | - | ૧ | ૧.૮૨ | - | - | ૧ | ૧.૮૨ | ૧૦ | ૧૮.૧૮ | વિકાસ |
| | ૬૧-૬૨ | - | - | ૨ | ૩.૬૪ | - | - | - | - | - | - | યોજના |
| | ૬૨-૬૩ | ૨ | ૩.૬૪ | ૧ | ૧.૮૨ | ૧ | ૧.૮૨ | - | - | ૪ | ૭.૨૭ | હેઠળ |
| | ૬૩-૬૪ | ૩ | ૫.૪૫ | - | - | ૧ | ૧.૮૨ | - | - | ૨૩ | ૪૧.૮૨ | કુલ |
| | ૬૪-૬૫ | - | - | - | - | - | - | - | - | ૪ | ૭.૨૭ | -૧૬૯૬ |
| | કુલ: - | ૫ | ૯.૦૪ | ૪ | ૭.૨૮ | ૨ | ૩.૬૪ | ૧ | ૧.૮૨ | ૪૩ | ૭૮.૧૮ | ખેડૂતો એરી. |
| લીધેલલોનના થોડા હપ્તા ભરેલ હોયતેવા ખેડૂતો. | ૫૯-૬૦ | - | - | - | - | - | - | - | - | - | ૧૦,૬૭,૦૦૦ની રકમ લોન | |
| | ૬૦-૬૧ | - | - | - | - | - | - | - | - | - | તરીકે લીધેલ તે | |
| | ૬૧-૬૨ | - | - | - | - | - | - | - | - | - | પૈકી અંદાજે રૂા. | |
| | ૬૨-૬૩ | - | - | - | - | - | - | - | - | - | ૩૦૪૫૨૨ ભરેલ | |
| | ૬૩-૬૪ | - | - | - | - | - | - | - | - | - | જ્યારે અંદાજે | |
| | ૬૪-૬૫ | - | - | - | - | - | - | - | - | - | રૂા. ૭૬૨૪૭૮ | |
| | કુલ: - | - | - | - | - | - | - | - | - | - | બાકીની કળછે. | |
| લીધેલલોનના થોડા ઉત્પાભરેલ હોયતેવા બધાજ હપ્તા ભરેલ હોયતેવા ખેડૂતો. | ૫૯-૬૦ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | ૬૦-૬૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | ૬૧-૬૨ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | ૬૨-૬૩ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | ૬૩-૬૪ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | ૬૪-૬૫ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ: - | - | - | - | - | - | - | - | - | - | - | - |

## ખેડૂતોએ લીધેલ ધિરાણમાંથી બનાવેલ વાડીઓ કાઢી નાખવા અંગેની વિગત.

પત્રક નં. ૯

| લોન લીધી હોય છતાં વાડી કાઢી નાખવાના કારણો. | ખેડૂતોની સંખ્યા. | | ટકા | લીધેલી લોન. | | ટકા |
|---|---|---|---|---|---|---|
| | નમુના | અંદાજી. | | નમુના. | અંદાજી. | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| પાણીના અભાવે કલમો સુકાઇ ગયેલ હોવાથી. | ૭ | ૧૦૨ | ૬.૦૩ | ૫૪૮૨.૫૦ | ૭૯૮૮૮ | ૪.૮૬ |
| કિટકો તેમજ રોગાના કારણે કલમો સુકાઇ જવાથી. | ૭ | ૧૦૨ | ૬.૦૩ | ૩૨૨૫ | ૪૬૯૯૨ | ૨.૮૬ |
| કલમો દુશ્મને કાપી નાખવાથી. | ૧ | ૧૫ | ૦.૮૦ | ૩૦૦ | ૪૫૦૦ | ૦.૨૬ |
| સંકટ તેમજ અન્ય કુદરતી આફતોને કારણે કલમોનો નાશ થયેલ હોવાથી. | ૩ | ૪૪ | ૨.૫૯ | ૯૫૦ | ૧૩૯૩૩ | ૦.૮૪ |
| વાડી વેચી નાખવાથી. | ૩ | ૪૪ | ૨.૫૯ | ૧૨૦૦ | ૧૭૬૦૦ | ૧.૦૬ |
| જમીન તેમજ પાણી માફક ન આવવાથી. | ૧ | ૧૫ | ૦.૮૬ | ૩૦૦૦ | ૪૫૦૦૦ | ૨.૬૬ |
| કુલઃ — | ૨૨ | ૩૨૨ | ૧૮.૯૭ | ૧૪૧૫૭.૫૦ | ૨૦૭૯૧૩ | ૧૨.૫૪ |